DATE :- 06-03-2026

SANDESH, PAGE-07, SURAT

# મેટ્રોએ રૂપાલી મેટ્રો સ્ટેશન-જહાંગીરાબાદ વાયડક્ટ માટે પાલિકા પાસે જગ્યા માંગી

સુરત : શહેરીજનોને ઝડપી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા મળી રહે તે માટે શહેરના બે રૂટ પર કાર્યરત મેટ્રોનું કામ ખુબ ઝડપથી આગળ વધી રહ્યુ છે. કોરિડોર-૧ પર ડ્રીમસીટીથી અલથાણ વચ્ચે ટૂંકમાંજ મેટ્રો દોડાવવામાં આવે તેવી શક્યતા છે. આ દરમિયાન કેટલાક સ્થળો પર વધુ જગ્યાની જરૂર હોવાથી ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મનપા સમક્ષ માંગણી કરવામાં આવી હતી. જે અંગેની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમીટી સમક્ષ મુકવામાં આવી છે.

કોરિડોર-૧ પર એટલે કે સરસાણાથી ડ્રીમસીટી વચ્ચેના રૂટ પર રૂપાલી કેનાલ મેટ્રો સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ સ્ટેશન બોક્સના કોલમ ફૂટીંગ-એફ-૧ અને એફ-૨ માટે ફાયનલ ટીપી સ્કીમ નંબર(૯)( મજૂરા, ફાયનલ પ્લોટ ૧૧૬-બી ની પૂર્વ તરફના લાગૂ રસ્તા પૈકી ૩૩ અને ૩૩ મીટર મળી કુલ ૬૬ ચોરસ મીટર જગ્યા માટેની દરખાસ્ત મુકવામાં આવી છે. આ રીતેજ કોરિડોર-૨ એટલે કે ભેંસાણથી સારોલી વચ્ચેના રૂટ પર જહાંગીરાબાદ વાયડક્ટ માટે બ્લોક નંબર ૨૪૮ પૈકી ક્ષેત્રફળ ૩૮૫.૬૫ ચોરસ મીટર, ક્ષેત્રફળ ૭૬.૯૦ ચોરસ મીટર ૭૪.૬૫ ચો.મીટર મળી કુલ ૫૩૭.૨૦ ચો.મી વાળી જગ્યા પર પાલિકાનો કબ્જો છે. જે જગ્યાઓ ૯૯ વર્ષના લીઝ પર લેવા માટે સુરત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા રજૂઆત કરવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમીટીની મીટિંગમાં નિર્ણય લેવાશે.


HAPPY BIRTHDAY



ઓમકાર અંકિત કળસરીયા

સુરત



RAJ IMPERIAL

DOLBY ATMOS

વરાછા સરથાણા નેચર પાર્ક પાસે INOX

For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On [illegible]

**ધ કેરળ સ્ટોરી - 2**
ATMOS : ૯.૦૦, ૧૦.૩૫, ૧.૨૫, ૬.૨૦, ૭.૧૫, રાત્રે : ૯.૧૦, ૧૦.૦૫

**લાલો શ્રી કૃષ્ણ સદા સહાયતે**
ગુજરાતી : ૯.૪૦, ૧૨.૩૦, ૩.૨૦, ૬.૧૦, રાત્રે : ૯.૦૦

**ઓ રોમિયો** ૧૦.૦૫, ૧.૪૫, રાત્રે : ૮.૧૫

**હોપર્સ** 3D હિન્દી : ૧૧.૦૦, ૪.૨૦, ૬.૪૫

**અસ્સી** ૧.૨૫, રાત્રે : ૯.૧૦

**લગન લાગી રે** ગુજરાતી : ૧.૫૫

**દો દિવાને શહર મે** ૪.૧૫

**બોર્ડર - 2** ૨.૨૦

**મર્દાની-3** ATMOS : સવારે : ૧૧.૩૦ રેગ્યુલર : ૫.૨૫

**ચરક** સવારે : ૧૧.૧૦, રાત્રે : ૯.૩૦

**ધુરંધર** ૫.૨૦